# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2557 ❖ શ્રાવણ પૂર્ણિમા ❖ 21 ઓગષ્ટ 2013 ❖ વર્ષ – 14 ❖ અંક – 5 ❖ સળંગ અંક - 161


## ધમ્મવાણી

हीनं धम्मं न सवेच्य, पमादेन न संवसे ।
मिच्छादिट्ठि न सेवेच्य, न सिया लोकवड्ढनो ।।

ન તો (પાંચ કામગુણોવાળા) નિકૃષ્ટ ધર્મનું સેવન કરવું કે ન પ્રમાદમાં લિપ્ત રહેવું; ન તો મિથ્યાદષ્ટિને અપનાવવી કે ન પોતાના આવાગમનને વધારનારા બનવું.

## બૌદ્ધ ધર્મ નહિ, ધર્મ

આપણે જોયું કે બુદ્ધે બૌદ્ધ ધર્મ નહિ, ધર્મ શીખવ્યો. એમણે લોકોને બૌદ્ધ નહિ, ધાર્મિક બનાવ્યા એમણે કોઇ સંપ્રદાયની સ્થાપના ન કરી પરંતુ સાંપ્રદાયિક્તા વિહીન સર્વવ્યાપી સાર્વજનીન ધર્મ જ શીખવ્યો.

આપણે એ પણ જોયું કે નૈસર્ગિક નિયમો પર આધારિત ધર્મ સદૈવ અને સર્વત્ર એક સમાન હોય છે. તે બધાંનો હોય છે. કદિ વિભિન્ન નથી હોતો કે નથી કોઇ એક સંપ્રદાય પૂરતો સીમિત રહેતો. જ્યારે સંપ્રદાયો અનેક હોય છે, વિભિન્ન હોય છે, ભિન્ન સમુદાયોના હોય છે. અલગ–અલગ માનવ સમૂહના અલગ–અલગ સંપ્રદાયો હોય છે. જો સંપ્રદાય હોય તો તે બધા મનુષ્યો માટે એકસરખો કદાપિ નથી હોતો, તે વિભિન્ન લોકોને માટે વિભિન્ન હોય છે.

એ પણ સ્પષ્ટ છે કે ધર્મ સાર્વજનીન હોવાને કારણે બધાંનો હોય છે, આથી તે બધા માનવોને એક સાથે જોડે છે. પરંતુ બધા સંપ્રદાયો પોતપોતાની અલગ–અલગ માન્યતાની વાડાબંધીને કારણે સમાજનું વિભાજન કરે છે. તેની એક્તાને તોડે છે.

હવે જોઇએ કે સંપ્રદાયો કેવી રીતે બને છે અને કઈ રીતે લોકોનું વિભાજન કરીને તેમની હાનિ કરે છે.

સમાજમાં વિભિન્ન લોકોની વિભિન્ન અંધમાન્યતાઓ હોય છે, વિભિન્ન અંધવિશ્વાસો હોય છે, વિભિન્ન કર્મકાંડો હોય છે. આમાંથી કોઇપણ એકને માનનારાઓનો એક અલગ સંપ્રદાય બની જાય છે.

આના લીધે એક તકલીફ એ ઊભી થાય છે કે આવી અંધમાન્યતા, અંધવિશ્વાસ અને કર્મકાંડને માનનારી વ્યક્તિ ભલે ગમે તેટલી દુરાચારી કેમ ન હોય, તે એવા જ ભ્રમ અને ભ્રાંતિમાં જીવે છે કે પોતે ખૂબ ધાર્મિક છે અને ધાર્મિક હોવાને કારણે જન્મ–મરણથી છુટકારો પામીને મુક્ત થઇ જવાનો વિશ્વાસ રાખે છે.

ઉપરાંત, સમાજમાં અલગ–અલગ લોકોના અલગ–અલગ પૂજનીય ઇષ્ટદેવ હોય છે. પોતાના ઇષ્ટદેવનું પૂજન–ભજન કરનારો અથવા તેની મૂર્તિની સામે નાચ–ગાન કરનારો પોતાની જાતને મોટો ધાર્મિક માની બેસે છે. તે એ ભ્રમમાં ડૂબેલો રહે છે કે આ પૂજન–ભજન, નર્તન–કીર્તન થી મારા ઇષ્ટદેવ પ્રસન્ન થઇ જશે અને બધાં દુઃખોમાંથી મુક્ત કરી દેશે.

**અન્ય અનેક માન્યતાઓ :-**

ઉપરોક્ત અંધમાન્યતાઓ ઉપરાંત બીજી પણ અનેક માન્યતાઓ અલગ–અલગ સંપ્રદાયોમાં પ્રચલિત છે. કેમકે **मुण्डे मुण्डे मतिर्भिन्नः।** કેટલાક લોકો માને છે. આત્મા અમર છે, કદિ મરતો નથી, જે શરીર આત્માને ધારણ કરે છે તે પંચમહાભૂતોથી બનેલું હોવાથી મર્યા પછી પંચમહાભૂતોમાં જ સમાઇ જાય છે. પરંતુ આત્માને કશું નુકશાન નથી થતું. તે કદિ મરતો નથી.

આત્માના અમર અસ્તિત્વને સ્વીકારનારાઓની પણ વિભિન્ન માન્યતાઓ છે. કેટલાક લોકો માને છે કે આત્મા શરીર જેટલો જ મોટો છે. કેટલાક તેને અંગુષ્ટપ્રમાણ માને અર્થાત્ અંગૂઠા જેટલો માને છે. વળી કેટલાક તેને તલ જેટલો નાનો માટે છે.

એટલું જ નહિ, એ સમયે અલગ–અલગ માન્યતાઓને માનનારા લોકોમાં પરસ્પર વિવાદ થતો કે

ક) ભવસંસરણથી મુક્ત થયેલા અરહંતોનું અસ્તિત્વ કાયમ રહે છે.

ખ) કાયમ નથી રહેતું.

ગ) કાયમ રહે પણ છે અને નથી પણ રહેતું.

ઘ) ન રહે છે, ન નથી રહેતું.

**અલગ-અલગ પર્વ ઉત્સવ, પૂજા-પાઠ, પ્રાર્થના :-**

વિભિન્ન સંપ્રદાયોના વિભિન્ન તહેવારો, વ્રતો, પર્વો–ઉત્સવો હોય છે અને તેના વિભિન્ન પ્રકારના પૂજા–પાઠ, પ્રાર્થના ઇત્યાદિ હોય છે.

આગળ આપણે જોઇશું કે ભગવાનના જીવનકાળ દરમિયાન પણ આવા અંધવિશ્વાસમાં અટવાએલા લોકો કેવું ધર્મહીન–વિકૃત જીવન જીવતા હતા. ભગવાનના ઉપદેશથી એમની આંખો ખુલી અને એમનામાં સત્યધર્મનું જ્ઞાન જાગ્યું.

વેશભૂષા અને ટીલાં–ટપકાં :–

અલગ–અલગ ગૃહત્યાગીઓની અલગ–અલગ વેશભૂષા, અલગ–અલગ રંગના વસ્ત્ર–પરિધાન, અલગ–અલગ ટીલાં–ટપકાં લાગે છે અને તેમનું જે બાહ્ય સ્વરૂપ હોય, તેનાથી જ પોતાની જાતને ધાર્મિક માને. પહેલા પણ આવુ જ થતું. એક સંપ્રદાયના લોકો વલ્કલ પહેરતા તો બીજાના મૃગચર્મ; એક વાળમાંથી બનાવેલા વસ્ત્રો પહેરતા, તો બીજા ઝાડની છાલમાંથી બનાવેલા વસ્ત્રો, અને વળી અન્ય એક સંપ્રદાયના ગૃહત્યાગી

નિતાંત નિર્વસ્ત્ર જ રહેતા. જે માણસ જે સંપ્રદાયની વેશભૂષા પહેરતા, તે પોતાના એ પરિવેશને કારણે પોતાની જાતને મોટી ધાર્મિક માનતો. એક સંપ્રદાયના લોકો આખું માથું મુંડાવતા તો બીજા અડધું માથું મુંડાવીને મોટી ચોટલી રાખતા તો કોઇ પાતળી ચોટલી રાખતા, કોઇ માથાં પર લાંબી-લાંબી જટા રાખતા અને જટાઓના પણ વિભિન્ન પ્રકાર. કોઇ કેવળ મૂછના વાળ મુંડાવીને બાકીના ચહેરાના વાળ વધારતા અને તેને જ ધર્મ માનતા.

એક સંપ્રદાયના ગૃહત્યાગી ભિક્ષાપાત્રમાં ભોજન ગ્રહણ કરતા તો બીજા પોતાની હથેળીમાં જ ભિક્ષા લઇને ભોજન ગ્રહણ કરતાં. અને આ કારણે પોતાને ધાર્મિક માનતા.

મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, દેવળમાં પૂજા-પાઠ કરનારાઓમાં સ્પષ્ટ ભેદભાવ છે જ. તે સાંપ્રદાયિક ભેદભાવોને જ પ્રગટ કરે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રના આ ભેદભાવો સ્પષ્ટ જ છે. તેઓ પણ સાંપ્રદાયિકતાની આ દુર્ભાવનાથી ભરેલા રહે છે. આ દુર્ભાવનાઓને કારણે કેટલો દ્વેષ, કેટલી હુંસાતુસી, કેટલી કડવાશ અને કેટલો અહંકાર ! બધી દાર્શનિક માન્યતાઓ કેવળ માન્યતાઓ જ છે. એમાંથી નથી કોઇ એક સાચી કે નથી બીજી ખોટી. પરંતુ આ અલગ-અલગ માન્યતાઓમાં ભેદભાવ ચાલે છે, કજિયા વિવાદ ચાલે છે. ખૂનામરકી થાય છે, હત્યાઓ થાય છે !

ભગવાનના જીવનકાળમાં અનેક સાંપ્રદાયિક માન્યતાઓ પ્રચલિત હતી. એમાંથી એક એ હતી કે લોકો રાત્રે સૂતી વખતે પોતાના ઓશીકે તાજું છાણ રાખતા અને સવારે ઊઠતાવેંત નજીકના કોઇ તળાવ કે નદીમાં સ્નાન કરીને એવા અંધવિશ્વાસમાં રહેતા કે જેમ મારા માથે લાગેલું છાણ ધોવાઇ ગયું તેમ આ સ્નાનથી મારાં બધાં પાપ ધોવાઇ જશે.

પાણીથી પાપ ધોવાઇ જવાના બીજા અનેક પ્રસંગો ભગવાનના જીવનકાળમાં મળી આવે છે. જેમ કે -

બ્રહ્મબંધુ નામનો એ વૃદ્ધ બ્રાહ્મણ દરરોજ સવારે નદીમાં ડૂબકી મારતો. એક દિવસ ભગવાનની એક શિષ્યા પૂર્ણા, કે જે શેઠ અનાથપિંડકની દાસી હતી, તે એ નદીએ પાણી ભરવા માટે આવી હતી શરદઋતુ હતીઅને તે કાતિલ ઠંડીમાં તેણે વૃદ્ધ બ્રાહ્મણને ધ્રુજતાં-ધ્રુજતાં ઠંડા પાણીમાં ડૂબકી મારતો જોયો. ત્યારે તેણે પૂછ્યું - ''આમ શા માટે કરો છો ?''

ત્યારે બ્રાહ્મણે ઉત્તર આપ્યો કે ''આ નદીમાં સ્નાન કરવાથી મારાં જન્મ-મરણના બધાં પાપો ધોવાઇ જશે''

ત્યારે પૂર્ણાએ કહ્યું ''જો આ સાચું હોય તો આ નદીની બધી માછલીઓ, બધા મગરમચ્છો, કાચબા, દેડકા વગેરે બધાં જળચર પ્રાણી મર્યા પછી પાપમુક્ત થઇને ભવસાગર તરી જશે ને ?

આ સાંભળીને બ્રાહ્મણને ભાન થયું. તે આ મિથ્યા માન્યતાને ત્યાગીને ભગવાન બુદ્ધના શરણમાં ગયો અને તેમની પાસેથી નૈસર્ગિક નિયમો પર આધારિત સત્ય ધર્મની વિપશ્યના વિદ્યા શીખીને ખરા અર્થમાં વિકાર-વિમુક્ત બનીને ભવમુક્ત થયો.

**નદી સ્નાનનો એક અન્ય પ્રસંગ :-**

સુંદરિક ભારદ્વાજ બ્રાહ્મણે ભગવાનને પૂછ્યું, ''આપ બાહુકા નદીમાં સ્નાન કરવા આવશો ?''

ભગવાને કહ્યું, '' હે બ્રાહ્મણ બાહુકા નદીમાં સ્નાન કરવાથી શુ મળશે ? બાહુકા નદી શું કરે છે ?

''બાહુકા નદી ઘણાં લોકો દ્વારા પવિત્ર માનવામાં આવી છે. તેમાં સ્નાન કરવાથી અનેક લોકો પોતાના પૂર્વકૃત પાપો ધોઇ નાખે છે.''

ત્યારે ભગવાને કહ્યું '' બાહુકા હોય કે સુંદરિકા, ગયા, સરસ્વતી, પ્રયાગ કે પછી બાહુમતી કોઇ પણ નદીમાં નિત્ય સ્નાન કરવાથી પણ કાળાં કર્મોવાળી મૂઢ વ્યક્તિ શુદ્ધ નથી થતી. શુદ્ધિ માટે વિપશ્યનાના અભ્યાસ દ્વારા પોતાની ભીતરની ધર્મગંગામાં સ્નાન કરવું પડે છે. આ સ્નાન દ્વારા ચિત્ત શુદ્ધ થવાથી દુષ્કર્મોથી છુટકારો પામીને સત્કર્મ કરવાનો સ્વભાવ બની જાય છે. આ જ ભવમુક્તિનું એકમાત્ર સાધન છે. જો તું આ સાધના દ્વારા શુદ્ધ શીલનું પાલન કરતો રહે અને દુષ્કર્મોથી વિરત રહે તો ગયા જવાની શી જરૂર? તારા માટે તો એક નાનું જળાશય જ ગયા સમાન હોય.

(मज्झिमनिकाय, १,१,७९ वत्थसुत्त)

આ જ ભ્રમને વ્યક્ત કરતાં ભારતના એક પરવર્તી સંતે કહ્યું છે - '' મન ચંગા તો કથરોટમાં ગંગા ''

**વર્તમાન યુગના સંતો દ્વારા કર્મકાંડોના વિરોધનો એ પ્રસંગ :-**

એક વાર મહાન સંત પ્રથમેશ ગુરુ નાનકદેવજી હરિદ્વારના ગંગાતટ પર બેઠા હતા. એમણે જોયું કે કેટલાક લોકો ગંગામાં ડૂબકી મારીને પૂર્વ તરફ મોઢું રાખીને ઊગતા સૂરજને અર્ઘ્ય આપતા હતા. આવા મિથ્યા કર્મકાંડોથી લોકોને છુટકારો આપવા માટે ભારતના આ મહાન સંત સ્વયં નદીમાં ઊતર્યા અને પશ્ચિમ તરફ મોઢું રાખીને અંજલિ ભરીને અર્ઘ્ય આપવા લાગ્યા. એ જોઇને લોકોએ તેમની હાંસી ઉડાડતાં કહ્યું ''સૂરજ તો પૂર્વમાં છે અને તમે પશ્ચિમમાં અર્ઘ્ય શા માટે આપોછો ? '' ત્યારે આ દયાળું સંતે એમને સમજાવતાં કહ્યું ''શું કરું, મારા ખેતર તો પશ્ચિમમાં જ છે. હું મારા ખેતરોને પાણી આપું છું''

નિષ્પ્રાણ કર્મકાંડોની આંટીઘુંટીમાં અટવાએલા લોકોએ ફરી એ સંતની હાંસી ઉડાડતા કહ્યું '' તમે કેટલા અબુધ છો ! તમારી અંજલિનું આ પાણી દૂર-સુદૂર પશ્ચિમમાં તમારાં ખેતરો સુધી શી રીતે પહોંચે ?''

સંતે કરુણાભરી વાણીમાં એમને ઉત્તર આપ્યો '' એ જ રીતે પહોંચે જે રીતે તમારી અંજલિનું પાણી એનાથી પણ અધિક દૂર સૂરજ સુધી પહોંચે છે !''

આમ, આપણે જોઇએ છીએ કે ભારતની સંત પરંપરાના અનેક સંતોએ આ મિથ્યા કર્મકાંડોથી દૂર રહેવાનો જ ઉપદેશ આપ્યો. જેમ સંત કબીરે કહ્યું છે કે -

मूंड मुंडाये हरि मिले, सब कोइ लेय मुंडाय ।
बार बार के मूंडते, भेड न वैकुंठ जाय ।।

સ્પષ્ટ છે કે અંધમાન્યતાઓ, અંધવિશ્વાસ અને પોકળ કર્મકાંડો સાથે સાચા ધર્મને કોઇ સંબંધ નથી. પરંતુ સંપ્રદાયમાં બંધાયેલા અંધવિશ્વાસી લોકો સ્વયં દુરાચરણનું જીવન જીવતા હોવા છતાં એને જ ધર્મ માનવા લાગે છે અને પોતાની જાતને છેતરતાં રહે છે કે હું ખૂબ ધાર્મિક છું અને મારા પોતાના ધર્મનું પાલન કરું છું.

એ વખતની અનેક મિથ્યા માન્યતાઓનું વિવરણ આપણે આગળ જોઇશું. અત્યારે તો એટલું જ જોવાનું છે કે ભગવાન બુદ્ધના શુદ્ધ ધર્મની જે કલ્યાણી વિપશ્યના નિતાંત શુદ્ધ જ રાખીએ. તેમાં કોઇ ભેળસેળ ન થવા દઇએ.

આ મૌલિક વિદ્યાની શુદ્ધતાથી આપણું પણ કલ્યાણ થશે અને અન્ય લોકોનું પણ.

**બધાનું મંગળ થાઓ ! બધાનું કલ્યાણ થાઓ !**

**-કલ્યાણ મિત્ર**

**સત્યનારાયણ ગોયન્કાજી**

## વર્તમાનમાં જીવવાનો મહાવરો

**- ડો. કિશોર ડી. લાખાણી**
(M.B.B.S. DGO) ડો. લાખાણી હોસ્પિટલ, જેતપુર.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ''વિપશ્યના સાધના શિબિર'' માટે ઈચ્છા થતી હતી, પરંતુ, એક યા બીજા કારણસર શક્ય બનતું ન હતું.

૨૦૦૬ના વર્ષમાં વ્યક્તિગત જીવનમાં આવી પડેલા અતિ દુઃખદ આંચકામાંથી બહાર નીકળવાના ઉપાય તરીકે આ શિબિરમાં જોડાયો. જે ઉપાય કારગર નીવડયો. સદ્‌નસીબે દસ દિવસની ત્રણ શિબિર કરવાનું સૌભાગ્ય સાંપડયું.

વિપશ્યના સાધનાના અનુભવથી એવું લાગ્યું કે જીવનને એક નવી દિશા મળી છે. શુદ્ધ ધર્મ શું છે ? તે બાબતનો ખ્યાલ આવ્યો. શુદ્ધ ધર્મની સર્વશ્રેષ્ઠ ઊંચાઈની અનુભૂતિ કરવાનું અમૂલ્ય મનુષ્ય-જીવનનું એક લક્ષ્યાંક નક્કી થયું.

**પદ, પ્રતિષ્ઠા અને પૈસા જેવી બાબતોમાં જીવનનો અમૂલ્ય સમય વ્યતીત થઈ ગયો, તેનો અફસોસ થયો.** પરંતુ, આ વિટંબણાઓમાંથી બહાર નીકળવાના માર્ગ તરીકે આ 'વિપશ્યના સાધના' જેવું સર્વશ્રેષ્ઠ સાધન મળ્યું તે બાબતે મારી જાતને સદ્‌ભાગી ગણું છું

શિબિર દરમિયાન એ સત્ય સમજાયું કે આ સાધના પદ્ધતિમાં કલ્પના કરવાની કે માની લેવાની ક્યાંય વાત નથી. **માત્ર અને માત્ર વૈજ્ઞાનિક અભિગમ અને પ્રત્યક્ષ અનુભવની વાત છે.**

સુખ અને દુઃખનાં કારણો બહાર નહીં, પરંતુ આપણી અંદર જ પડેલાં છે તે હકીકત સાધના દરમિયાનના અનુભવના આધારે પ્રત્યક્ષ સમજાઈ.

આપણી અંદર રહેલા વિકારો આપણને કેટલા તનાવગ્રસ્ત રાખે છે અને તેને કારણે આપણે કેટલા દુઃખી થઈએ છીએ, એ વાત સ્પષ્ટ રીતે સમજાઈ. મનને અને તેના વિકારોને બુદ્ધિના સ્તર પર નહીં, પરંતુ અનુભવના સ્તર પર સમતાભાવે જાણવાની ક્ષમતા પ્રાપ્ત થઈ.

આ સાધનાને કારણે :

- **વર્તમાનમાં જીવવાની આદતનો મહાવરો થયો.**
- **સ્વભાવના 'ઉતાવળિયાપણા' ની તીવ્રતા ઘટી.**

### કચ્છ વિપશ્યના કેન્દ્ર ધમ્મસિંધુ (બાડા) પર

**કચ્છ વિપશ્યના કેન્દ્ર ધમ્મસિંધુ (બાડા) પર પહોંચવા માટે દરેક શિબિર પહેલા વાહન વ્યવસ્થા માટે ભુજથી સુવિધા કરવામાં આવી છે.**

**-:: સંપર્ક ::-**
**શ્રી લક્ષ્મણભાઈ એસ. માવાણી**
**(૨૨૨૦૪૨) મો. ૯૮૨૫૨ ૫૭૭૧૩**
**પટેલ લેબોરેટરી-૦૨૮૩૨ - ૨૫૫૨૧૮**
**મો. ૯૪૨૭૪ ૩૩૫૩૪**
**કંચનબહેન પટેલ - મો. ૯૪૨૮૮ ૯૫૦૬૦**
**નોંધઃ વિપશ્ચી સાધકોના પરિવારજનો કેન્દ્ર જોવા તથ વિપશ્યના પરિચય મેળવવા કે આનાપાન શિખવા કેન્દ્ર પર જવા માટે પણ વાહન સુવિધા મેળી શકશે.**

### મોબાઈલ ડેટાબેન્ક

**વિપશ્ચી સાધકોની મોબાઈલ ફોન નં. ની ડેટાબેન્ક તૈયાર કરવાની છે, આથી આપના તેમજ પરિચિત અન્ય સાધકોના નામ, ગામ, મોબાઈલ નંબરનો મેસેજ નીચેના મોબાઈલ પર મોકલી આપશો.**
**સંપર્ક : ૯૪૨૭૪ ૩૫૫૬૦**

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. | ''ધમ્મ અંબિકા'' | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન'' |
|---|---|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2233666 78787 27240 (0281) 2924942 93279 23540 રજિસ્ટ્રેશન ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૦૦ થી ૭:૦૦ dhammakot@gmail.com | C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 | ૯૪૨૮૧ ૬૦૭૧૪ ૯૮૨૫૦ ૪૪૫૩૬ ૦૨૬૩૪-૨૯૧૧૦૦ ૦૨૬૩૪-૨૯૨૫૨૧ | ૫-કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૩૯૦૦૨૦. (0265) 2341181 (M) 94263 32180 E-mail : vvs04@ hotmail.com |

### ૧૦ દિવસીય શિબિરની માહિતી

| | | | | | |
|---|---|---|---|---|---|
| 04-09 to 15-09-13 | 02-09 to 13-09-13 | 04-09-13 to 15-09-13 | 18-09-15 to 29-09-13 | 30-08-13 to 10-09-13 | 08-09-13 to 19-09-13 |
| 18-10 to 29-10-13 | 15-09 to 26-09-13 | 18-09-13 to 29-09-13 | 16-10-13 to 27-10-13 | 02-10-13 to 13-10-13 | 16-10-13 to 27-10-13 |
| 01-11 to 12-11-13 | 13-10 to 24-10-13 | 16-10-13 to 27-10-13 | 06-11-13 to 17-11-13 | 16-10-13 to 27-10-13 | 10-11-13 to 21-11-13 |
| 13-11 to 24-11-13 | 27-10 to 07-11-13 | 01-11-13 to 12-11-13 | 20-11-13 to 01-12-13 | 01-11-13 to 12-11-13 | 11-12-13 to 22-12-13 |
| 27-11 to 08-12-13 | | 20-11-13 to 01-12-13 | 04-12-13 to 15-12-13 | 20-11-13 to 01-12-13 | |
| 14-12 to 25-12-13 | | 04-12-13 to 15-12-13 | 01-01-14 to 12-01-14 | 11-12-13 to 22-12-13 | |
| 26-12 to 06-01-14 | | 18-12-13 to 29-12-13 | 15-01-14 to 26-01-14 | 01-01-14 to 12-01-14 | |
| | | 01-01-14 to 12-01-14 | | | |

**રજિસ્ટ્રેશન**
0261-3260961
(૧૧થી ૫ દરમિયાન)

**:: સરનામું ::**
નવસારી અને બિલિમોરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી., નેશનલ હાઈવે નં. ૮, બોરિયાચ ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર ગામ : વગલવાડ, તા.: ગણદેવી

**: ધર્મજ :**
(૦૨૬૯૭)
૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨
મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫
હેમંતભાઈ પટેલ

**: ઉના :**
**ગ્રુપ સીટીંગ**
સવારે ૬:૩૦ થી ૭:૩૦
**હરેશભાઈ જે. ટીલવાણી**
૪૨, વ્રજભૂમિ સોસાયટી, શેરી નં.૩, નવી મામલતદાર ઓફીસ પાછળ, ગીરગઢડા રોડ, ઉના. મો.: ૯૪૨૭૭ ૩૮૦૭૦

### એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસુમ સ્કૂલ ખાતે ૮ થી ૩ | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

## ગુજરાતના કેન્દ્રો પર જૂના સાધકો માટે શિબિરો

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ''ધમ્મ અંબિકા'' | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન'' |
|---|---|---|---|
| **સતિપટ્ઠાન શિબિરો** | | | |
| 16-09-13 to 24-09-13<br>24-01-14 to 01-02-14 | 27-10-13 to 04-11-13<br>13-04-14 to 21-04-14 \| 08-06-14 to 16-06-14 | 20-09-13 To 28-09-13 | |
| **૧૦ દિવસીય ગંભીર વિશેષ શિબિરો** | | | |
| | 02-09-13 to 13-09-13 | | |
| **દીર્ઘ શિબિરો ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર** | | | |
| (૨૦ દિવસીય)<br>25-09-13 to 16-10-13<br>(૩૦ દિવસીય)<br>16-09-13 to 17-10-13 | (૩૦ દિવસ)<br>26-11-13 to 27-12-13<br>(૩ દિવસ)<br>26-09-13 to 29-09-13<br>(૪૫ દિવસ)<br>26-11-13 to 11-01-14<br>(TSC)<br>09-11-13 to 24-11-13 | (૨ દિવસ)<br>06-12-13 to 08-12-13<br>(૩ દિવસ)<br>13-09-13 to 16-09-13<br>(૩ દિવસ આનાપાન શિબિર છોકરીઓ માટે)<br>12-11-13 to 14-11-13<br>(૩ દિવસ આનાપાન શિબિર છોકરીઓ માટે)<br>15-11-13 to 17-11-13 | (૩ દિવસ)<br>19-09-13 to 22-09-13<br>21-11-13 to 24-11-13 |

## વિપશ્ચી સાધકો / સાધિકા

### ધ્યાન ધર્મચર્ચા સંમેલન

**તા. ૨૭ ઓક્ટોબર રવિવારે**
**સમય : સવારે ૧૦:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક**
**સ્થળ : માસુમ સ્કૂલ, યુનિવર્સિટી રોડ, રાજકોટ.**
**વ્યવસ્થાના ભાગરૂપે અગાઉથી નામ નોંધાવવું જરૂરી છે.**
**સંપર્ક : સીટી ઓફિસ : ૦૨૮૧ - ૨૨ ૩૩ ૬૬૬**

**------: નોંધ :------**

**ધમ્મકોટમાં ૧૧ ડીસેમ્બરની શિબિર ૧૪ ડીસેમ્બરના રોજ કરેલ છે. જેની નોંધ લેવા વિનંતિ.**

# -:: નવનિર્મિત કેન્દ્ર ધમ્મપાલી ::-

સૌરાષ્ટ્રમાં ભાવનગર થી ૪૧ કી.મી., પાલીતાણાથી ૯ કી.મી., સોનગઢથી ૧૨ કી.મી. દૂર પર વિપશ્યના કેન્દ્ર માટે ૨૦ વિઘા જમીન કેન્દ્રના નામે લેવાઇ ગઇ છે. ગુરુજીએ કેન્દ્રનું નામ ''ધમ્મપાલી'' આપ્યું છે.

પહેલા તબક્કાનું કામ ચાલું કરેલ છે. પહેલા તબક્કામાં : ૩૬ રૂમ, ૧ ધમ્મ હોલ, પુરૂષ/મહિલા ડાઇનીંગ હોલ, ઓફીસ, ૪ સ્ટાફ રૂમોનું કામ ચાલું કરેલ છે.

| | | |
|---|---|---|
| ૩૬ રૂમો, પર રૂમ | - | રૂા. ૧ લાખ ૫૫ હજાર |
| કુલ | - | ૫૫ લાખ ૮૦ હજાર |
| ધમ્મ હોલ | - | ૫૨ લાખ |
| ડાઇનીંગ + કીચન | - | ૪૨ લાખ |
| કમ્પાઉન્ડ | - | ૨૦ લાખ |
| ઓફીસ યુનીટ | - | ૧૪ લાખ ૪૦ હજાર |

જે પણ સાધક/સાધિકા આ પુણ્યવર્ધક કાર્યમાં ભાગીદાર થવા ઇચ્છે તે નીચેના સરનામા પર સંપર્ક કરે.

સરનામું :- ધમ્મપાલી **અનિલભાઇ શાહ**
મો.:- ૯૪૨૭૨ ૩૨૧૪૫, ૭૮૭૮ ૧૦ ૩૬૩૬
બેંકનું નામ :- **કોટક મહિન્દ્રા બેંક**
Name of A/c. :- **Bhavnagar Vipashyana Centre.**
બેંકના ખાતા નંબર : **6411183455**
IFSC Code : **KKBK0000891**
Sterling centre, Takhteswar Plot, Bhavnagar.

## -:: નિમંત્રણ ::-

ધમ્મપાલી કેન્દ્ર પર તા. ૨૦ ઓક્ટોબર સવારે ૧૦ થી સાંજે ૫ એક દિવસીય શિબિર જેમાં વિપશ્ચી સાધકોને આમંત્રણ છે

**એડ્રેસ :** સોનગઢ, પાલીતાણા રોડ, ગામ - તોડી, સોનગઢથી ૧૩ કી.મી., હાઇવેથી ૭૦૦ મીટર, ડાબા હાથ તરફ, તોડી ગામ તરફ.

નોંધ : આપનુ નામ ફોનથી કે **SMS** થી **૭૮૭૮૧૦૩૬૩૬** ઉપર નોંધાવા વિનંતિ.

## ડોકટર મિત્રો તથા તેમના પરિવાર માટે વિપશ્યના શિબિર

**દિવાળીની રજાઓમાં**
**તા. ૧ થી ૧૨ નવેમ્બર**
**સ્થળ : ધમ્મકોટ કેન્દ્ર રાજકોટ.**
**સંપર્ક : મો.: ૯૪૨૬૨ ૦૨૨૨૨, ૭૮૭૮ ૭૨૭૨ ૪૦**

### દોહા ધરમના

ધર્મ ન મિથ્યા રુઢિયાં, ધર્મ ન મિથ્યાચાર ।
ધર્મ ન મિથ્યા માન્યતા, ધર્મ સત્ય કા સાર ॥

ધર્મ ન હિન્દુ બૌદ્ધ હૈ, ધર્મ ન મુસ્લિમ જૈન ।
ધર્મ ચિત્તકી શુદ્ધતા, ધર્મ શાંતિ સુખ ચૈન ॥

શુદ્ધ ધર્મ તો એક હૈ, છિલકે હુએ અનેક ।
છિલકે તો નિસ્સાર હૈ, સાર ધર્મ કા દેખ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

### દોહા ધરમના

કાયિક કર્મ સુધાર લે, વાચિક કર્મ સુધાર ।
મનસા કર્મ સુધાર લે, યહી ધર્મ કા સાર ॥

મન નિર્મલ હો શુદ્ધ હો, યહી માર્ગ હૈ શ્રેય ।
જિસસે અન્તર્મલ મિટે હૈ, વહી માર્ગ હૈ શ્રેય ॥

પુણ્ય કર્મ સંચિત કરેં, કરેં ન પાપ ભવ લેશ ।
મન નિર્મલ કરતે રહેં, યહી ધર્મ સંદેશ ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 21 ઓગષ્ટ 2013** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013**
**Postal Reg. No. RAJKOT/450/2012-14**
**(Renewed upto 31.12.2014)**

**Weighs less than 10 gms**
**Posting day-25th of every month,**
**Posted at Rajkot RMS - 360 001.**
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
**ભાભા હોટેલ, પંચનાથ રોડ,**
**રાજકોટ – 360 001.**
**સિટી ઓફિસ : ફોન – (0281) 2233666**
**મોબાઈલ : 7878 7272 23**
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org